૫૨

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે પછાત વર્ગો માટે ગૃહનિર્માણની યોજના.

૧૯૭૯-૮૦ વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક :બકર-૧૫૭૯/૪૯૭૯૮-હ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ :૩-૭-૧૯૭૯.

વંચાણમાં લીધા:- (૧) મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧-૧૨-૭૮ નો ઠરાવ ક્રમાંક :બકર:૧૫૭૮/૬૭૭૫૦-હ.

(૨) સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા. ૪-૬-૭૯નો પત્રક્રમાંક: સક/બક/૨-૧૩૯૬.

ઠ રા વ :-

મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧-૧૨-૭૮ ના ઠરાવ ક્રમાંક :બકર-૧૫૭૮/૬૭૭૫૦-હ અન્વયે લખી પચે સૂચવેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે પછાત વર્ગો માટે ગૃહનિર્માણ યોજના મંજૂર કરવામાં આવી હતી. તા. ૧-૧૨-૭૮ ના ઉપરાંત ઠરાવમાં જણાવેલી યોજના ચાલુ વર્ષે પણ અમલમાં મુકી શકાય તે માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે રૂા. ૧૦.૦૦ લાખ (અંકે રૂા. દસ લાખ પુરા) અને આર્થિક રીતે પછાત વર્ગો માટે પણ રૂા. ૧૦.૦૦ લાખ ( અંકે રૂા. દસ લાખ પુરા) ના ખર્ચની યોજનાને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે. આ અંગે ખર્ચ કરવામાં વિલંબ ન થાય અને યોજનાનો સરળતાથી અમલ થઇ શકે તે માટે ઉપરોક્ત રૂા. ૨૦ લાખની રકમ આથી ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગરના હવાલે મુકવામાં આવે છે.

૨. ૧૯૭૯-૮૦ ના વર્ષ માટે આ યોજનાનો અમલ કરવા માટે જરુરી પગલા તાત્કાલિક લેવા આથી સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદને સુચના આપવામાં આવે છે. સમાજ કલ્યાણ નિયામકશ્રીએ ઉપરોક્ત રૂા. ૨૦.૦૦ લાખની રકમ ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગરના હસ્તક મુકવા માટે તાત્કાલિક કાર્યવાહી કરવી.

૩. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટેનો આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર ''૨૮૮-સામાજિક સુરક્ષા અને કલ્યાણ -બીસીડી-૧૩૮-સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની સહકારી મંડળીઓ '' અને આર્થિક રીતે પછાતવર્ગો માટેનો આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર ''૨૮૮-સામાજિક સુરક્ષા અને કલ્યાણ -(૪૦)-૧૩૮- ગૃહનિર્માણ'' ખાતે

...૨

ઉધારવો અને ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન કરવામાં આવેલી જોગવાઇ માંથી મેળવવો.

૪. આ વિભાગનો સમાન ક્રમાંકની ફાઇલ ઉપર નાણાંકીય સલાહકારશ્રીની તા. ૨૦-૬-૭૯ ની સંમતિથી આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જ. મો. વોરા.
સેકશન અધિકારી,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ અને વિકાસ વિભાગ.

પ્રતિ,

સમાજ કલ્યાણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી (વધારાની બે નકલો સાથે)
પંચાયત, ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગ-અ-૨ શાખા.
મહાલેખાધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
X વિભાગીય નિયામકશ્રી, પછાતવર્ગ કલ્યાણ, ૮, ભીલ અધિકારીઓની કોલોની આશ્રમરોડ, અમદાવાદ -૩૮૦૦૦૯.
સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ (વધારાની ૫ નકલો સાથે)
સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, પાટનગર યોજના ભવન, સેકટર-૧૬ ગાંધીનગર ( વધારાની પાંચ નકલો સાથે).
સચિવશ્રી, ગુજરાત પછાતવર્ગ બોર્ડ ગુજરાત રાજ્ય, સેકટર-૧૬, પાટનગર યોજના ભવન, ગાંધીનગર (વધારાની પાંચ નકલો સાથે).
બધા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ ( રાજ્ય) અને (પંચાયત)
સર્વ જિલ્લા કલેકટરશ્રીઓ.
સર્વ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
પ્રાયોજના વહીવટદાર (આદીવાસી વિસ્તાર પેટા યોજના) ના તાબા હેઠળના મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ.
નાણાં શાખા, મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.
જ- શાખા મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ
માહિતી નિયામકશ્રી, ગાંધીનગર, આ અંગે અખબારી યાદી બહાર પાડવા અર્થે
વિશિષ્ટ ફાઇલ - હ શાખા.

---

X પત્ર દ્વારા.